## કીડીમાં જમીન કૌભાંડમાં મદદરૂપ થનાર મોડાસાના

# સર્કલ ઓફિસર સામે કેમ પોલીસ ફરિયાદ થતી નથી ?

ધનસુરા, તા. ૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના કીડી ગામની એક જમીનમાં મૃત વ્યક્તિને જીવીત



બતાવી આ નોંધ મંજૂર કરવાનું અને હાલ મોડાસામાં સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવનાર એક અધિકારી વિરૂદ્ધ છેલ્લા બે વર્ષથી સીટના આદેશ છતાં કોઈ જ પોલીસ ફરીયાદ દાખલ ન કરવામાં આવતા ઉચ્ચ અધિકારીઓની કામગીરી સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. આ કર્મચારી સામે પગલા લઈ સસ્પેન્ડ કરવા માંગ ઉઠી છે.

અરવલ્લીના ધનસુરા તાલુકાના કીડી ગામની સર્વે નં. ૭૦૦ તથા ૭૦૧માં બનાવટી રેકર્ડ ઉભુ કરી ગુનાહીત મેળાપીપળામાં નોંધ મંજૂર કરનારને સમયના ધનસુરા મામલતદાર કચેરીમાં ફરજ બજાવનાર ભરતસિંહ મકવાણા નામના કર્મચારી કે જે હાલમાં મોડાસા સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેની સામે છેલ્લા ૨ વર્ષથી જિલ્લા કલેક્ટર દ્વારા કોઈ જ પગલાં ભરવામાં ન આવતા આમ આદમીમાં ભારે આશ્ચર્ય ફેલાયું છે. હાલમાં સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ભરતસિંહ મકવાણા વિરૂદ્ધનો સમગ્ર કેસ સાબરકાંઠા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મળેલી સીટનો તા. ૬-૬-૨૦૧૩ના રોજ ચાલી ગયો હતો જેમાં વ્યક્તિ મૃત પામી હોવા છતાં જીવતી બતાવી ખોટુ જમીન રેકર્ડ ઉભુ કરી મંજુર કરનાર સરકારી તથા અન્ય શખ્સો સામે પોલીસ ફરીયાદ કરવાની ભલામણ કરવામાં આવી હતી.

ત્યારબાદ સાબરકાંઠા કલેક્ટરના ચીટનીશે તા. ૧૫-૬-૧૩ના રોજ નાયબ કલેક્ટર, બાયડને પત્ર લખી ઉપરોક્ત સરકારી કર્મચારી ભરતસિંહ મકવાણા સામે પગલાં લેવા દરખાસ્ત ૭ દિવસમાં મોકલી આપવા જણાવ્યું હતું. ત્યારબાદ બાયડના પ્રાંત અધિકારીએ અરવલ્લી જિલ્લા અધિક નિવાસી કલેક્ટરને ત્યાં ૩૧-૭-૧૪ના રોજ કીડીના જમીન કૌભાંડ આચરનાર ઉપરોક્ત કર્મચારી સામે નામ જોગ પત્ર મોકલી આપ્યો હતો. છતાં અરવલ્લી જિલ્લો અલગ પડ્યા બાદ અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરીના અધિકારીઓ મીઠી નિંદર માણી રહ્યા હોય તેમ આટલુ મોટુ જમીન કૌભાંડ આચરી છેલ્લા ૨ વર્ષથી મોડાસામાં સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ભરતસીંહ જી. મકવાણા વિરૂદ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી સસ્પેન્ડ કેમ કરવામાં આવતો નથી તે પ્રજામાં ચર્ચાનો વિષય બન્યો છે. અરવલ્લી કલેક્ટર તરીકે ફરજ બજાવતા શાલીની અગ્રવાલ તથા નિવાસી કલેક્ટર ચિરાગ ચાવડા છેલ્લા ૨ વર્ષથી ફાઈલ પર ચડેલી ધૂળ ખંખેરી બી.જી. મકવાણા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી સસ્પેન્ડ કરે તેવી જનતાની માંગ છે.

## તલોદ કોલેજ ખાતે ક્રોસ કન્ટ્રી દોડ યોજાઈ





તલોદ, તા. ૮

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી-પાટણના ઉપક્રમે અને એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ-તલોદના યજમાનપદે ક્રોસ કન્ટ્રી દોડ સ્પર્ધા યોજાઈ ગઈ. આ સ્પર્ધામાં ઉ.ગુ.ની ૫૦થી વધુ કોલેજની ૫૬ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ભાઈઓની ૩૬ ટીમ અને બહેનોની ૨૦ ટીમનો સમાવેશ થાય છે.

તલોદ ખાતે વહેલી સવારે આ ક્રોસ કન્ટ્રી દોડ સ્પર્ધાને પ્રિ. ડૉ. જે.સી. પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું. ક્રોસ કન્ટ્રી દોડ સ્પર્ધામાં વિદ્યાર્થી સ્પર્ધકો માટે તલોદ કોલેજ કેમ્પસથી ૧૨ કિમીનું અને વિદ્યાર્થીની સ્પર્ધકો માટે ૬ કિમીનું અંતર નિર્ધારિત કરવામાં આવ્યું હતું. જેમાં આર્ટસ કોલેજ-વડનગર ભાઈઓમાં ચેમ્પિયન બની હતી. તે જ રીતે પાટણ ખાતેની આર્ટસ કોલેજ બહેનોમાં ચેમ્પિયન ઘોષિત થઈ હતી. આ સ્પર્ધાને સફળ બનાવવા કોલેજના પ્રા. અને સ્પર્ધામંત્રી રંગુસિંહ બી. સોલંકીએ સ્ટાફ અને યુવાઓને સથવારે યોગ્ય જહેમત ઉઠાવી હતી.

તલોદ ખાતે સંપન્ન થયેલી આ સ્પર્ધાના સમાપન સમારોહમાં રાજ્યના વનવિભાગના અધ્યક્ષ ડૉ. કે.એમ. ડિંડોર તથા તા.પં. પ્રમુખ, જિ.પં. બાંધકામ સમિતિના ચેરમેન અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ૪ સદસ્યો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમારંભના સ્વાગત પ્રવચનમાં ડૉ. જે.સી. પટેલે તમામ સ્પર્ધકોને શુભાશિષ પાઠવી ખેલદિલીપૂર્વક સ્પર્ધામાં ભાગ લેવા અને તે થકી આદર્શ નાગરિક બની તન-મનના સ્વાસ્થ્યને મજબૂત કરવા સંદર્ભે હિમાયત કરી હતી.

## માલપુર નાગરિક સહકારી બેંકના ચેરમેન પદે વરણી



અરવલ્લી, તા. ૮

અરવલ્લી જિલ્લાના માલપુર નગરના નાગરિક સહકારી બેંક લિ.ના બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બેંકના ચેમરેન પદ માટે અરવલ્લી જિલ્લાના જાણીતા સહકારી અગ્રણી જશુભાઈ પટેલની બેંક ઓફ ડિરેક્ટર્સ દ્વારા સર્વાનુમતે બિનહરીફ ચેરમેન પદની વરણી થઈ હતી.

માલપુર નાગરિક સહકારી બેંક લી.માં ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટરની ચૂંટણી બેંકના ગર્ભગૃહમાં યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સભાસદોની હાજરીમાં જિલ્લા પંચાયતના અપક્ષ ચૂંટણી જીતેલા અને માલપુર તાલુકા ખરીદ વેચાણ સંઘના સભ્ય એવા જશુભાઈ શિવાભાઈ પટેલની ચેરમેન તરીકે બિનહરીફ વરણી કરી હતી. જ્યારે મેનેજીંગ ડીરેક્ટર તરીકે રોહીતભાઈ પંડ્યાની વરણી કરાઈ હતી. માલપુરના અગ્રણી સુમનભાઈ નટવરભાઈ મહેતાના અધ્યક્ષ પદે યોજાયેલા આ ચૂંટણી કાર્યક્રમમાં શાખ કમિટીના ચેરમેન તરીકે કનકસીંહ આર. રાઠોડ, વાઈસ એમ.ડી. તરીકે ભૂપતસીંહ વખતસીંહ સીસોદીયા અને કોપ્ટ. ડિરેક્ટર તરીકે ગોર વિક્રમકુમાર તેમજ જે.ડી. પટેલને નિયુક્ત કરવામાં આવ્યા હતા. માલપુર નાગરિક સહકારી બેંકના ચેરમેનની બિનહરીફ વરણીને ઉપસ્થિત સભાસદોએ વધાવી લીધી હતી.

માલપુર નાગરિક સહકારી બેંક લી.ના નવનીયુક્ત ચેરમેન જશુભાઈ પટેલે બેંકની ઉત્તરોત્તર પ્રગતિ કરશે તેવો દઢ નિશ્ચય વ્યક્ત કર્યો હતો.

## મહેસાણાના છીંદીવાડામાંથી ૪૫,૫૦૦નો દારૂ ઝડપાયો

### બુટલેગરોએ પોલીસ પર હૂમલો કર્યો

મહેસાણા, તા. ૮

મહેસાણા ખાતે કસ્બા છીંદીવાડામાં મહેસાણા એસઓજી અને એ ડીવીઝન પોલીસે દારૂ અંગે દરોડો પાડી વિદેશી દારૂની ૭૦ બાટલીઓ તેમજ બિયરના ૧૩૯ ટીન મળી કુલ રૂપિયા ૪૫,૫૦૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરોડા સમયે બૂમાબૂમ થઈ હતી અને ઉશ્કેરાયેલ ટોળાએ પોલીસ પર દારૂની બાટલીઓ ફેંકી હતી તેમજ એક ખાનગી વાહન પર પથ્થરમારો કરી તેના કાચ તોડી નાંખ્યા હતા.

વિગત એવી છે કે મહેસાણા ખાતે કસ્બા વિસ્તારના છીંદીવાડામાં દારૂ અંગે મહેસાણા એસ.ઓ.જી. અને એ ડીવીઝન પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં લુહાણી યુસુફ રહીમભાઈ પ્લાસ્ટીકના થેલામાં દારૂની ૧૯ બાટલીઓ તથા બિયરના ટીન નંગ ૧૯ સાથે ઝડપાઈ ગયો હતો. આ પકડાયેલ ઈસમને સાથે રાખી પોલીસે નજીકમાં રહેતી નાગોરી રઝીયાબાનુ અન્નુભાઈના ઘરે ઝડતી તપાસ કરતા મેડા ઉપરથી દારૂની બોટલ નંગ-૫૨ તથા બિયરના ટીન નંગ-૧૨૦ મળી આવ્યા હતા. બાદ પોલીસે નાગોરી હમીદાબેન ફીરોજભાઈના ઘર આગળ જતાં દસથી પંદર જેટલા માણસોએ બૂમાબૂમ કરી પોલીસ પર દારૂની બાટલીઓ ફેંકી હતી તેમજ રેડમાં ગયેલ ખાનગી ઈકો વાહનના કાચ તોડી નાંખ્યા હતા.

આ બાબતે પોલીસે કુલ આઠ ઈસમો વિરૂદ્ધ રાયોટીંગ, પોલીસની ફરજમાં રૂકાવટ, પથ્થરમારો તેમજ નુકસાની અને પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

## ઉત્તર ગુજરાતના બાલારામ મહાદેવ ખાતે શ્રાવણના પ્રથમ સોમવારે શ્રદ્ધાળુઓની ભીડ

પાલનપુર, તા. ૮

ઉત્તર ગુજરાતના મીની કાશ્મીર ગણાતા બાલારામ મહાદેવ ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમિયાન શ્રદ્ધાળુઓની ભારે ભીડ રહેતી હોય છે. પાલનપુર-આબુ હાઈવે પર આવેલા આ શિવધામમાં શ્રાવણમાસ દરમિયાન ભક્તિનું ઘોડાપુર ઉમટે છે. અને અરવલ્લીની ગીરીમાળાઓ 'હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠે છે.

પાલનપુરથી અઢાર કિલોમીટરના અંતરે આવેલા શ્રી બાલારામ મહાદેવના શિવલીંગ પર ગૌમુખમાંથી અવિરતપણે ગંગાજળનો અભિષેક થયા કરે છે. હજારો વર્ષો પહેલા દુકાળ પડતા લોકો પોતાના નાના બાળકો મુકીને જતા રહ્યા હતા. ત્યારે બાલરૂપે સ્વયં શંકર ભગવાને આવીને બાળકોનો જીવતદાન આપ્યુ ંહતું. જેથી બાળકોના રામ એટલે કે 'બાલારામ મહાદેવ' તરીકે પુજાય છે તેવું મંદિરના પુજારી ગોવિંદભાઈ ભટ્ટે



જણાવ્યું હતું.

બાલારામ મહાદેવ તેમના ભક્તોની મનોકામના પૂર્ણ કરતા હોઈ પરપ્રાંતમાંથી પણ શિવભક્તો અહીં આવી ધન્યતા અનુભવે છે. કહેવાય છે કે, બાલારામ મહાદેવના દર્શનાર્થે શ્રદ્ધાપુર્વક આવતા શિવભક્તોને બાલારામ મહાદેવ કદાપિ નિરાશ કરતા નથી. જેથી અહીં પ્રથમ સોમવારથી જ શિવભક્તોની ભારે ભીડ જામી હતી.

આમ, 'શ્રી બાલારામ મહાદેવ' પર્યટનધામ તરીકે વિકસી રહ્યું છે. પવિત્ર શ્રાવણમાસ દરમિયાન તો શ્રી બાલારામ મહાદેવ શિવભક્તો માટે અનેરી આસ્થાના પ્રતિક સમા પુરવાર થઈ રહ્યા છે.

## શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ 'સમાજ સંકુલ' ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો



પ્રાંતિજ, તા. ૮

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના માણેકપુરા પાટીયા ડાભલા ચોકડી પાસે શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનું 'સમાજસંકુલ' ભૂમિપૂજન વિધિ કાર્યક્રમ યોજાયો.

શ્રી બાવીસી ગામ તપોધન બ્રાહ્મણ સમાજ સંચાલિત શ્રી શિવશક્તિ સેવા મંડળ 'સમાજસંકુલ' (રાવલોનું રજવાડુ)નું ભૂમિપૂજન કાર્યક્રમ ૭-૮-૨૦૧૬ને રવિવારના રોજ યોજાયો હતો. જેમાં સમારોહના મુખ્ય પ્રમુખ બચુભાઈ એસ. રાવલ, ભૂમિપૂજન દાંતા કેતનભાઈ એસ. રાવલ, મુખ્ય મહેમાન પ્રહલાદભાઈ દામોદરદાસ મોદી, નટુભાઈ ચૌધરી, નારણભાઈ ચૌધરી, કમલેશભાઈ ગજ્જર, શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પ્રમુખ સંજયભાઈ એમ. રાવલ, શિવશક્તિ સેવા મંડળના ચેરમેન સુરેશભાઈ એસ. રાવલ, સમાજના મંત્રી હિતેન્દ્રભાઈ એચ. રાવલ શિવશક્તિના વાઈસ ચેરમેન ગુણવંતભાઈ એન. રાવલ, સમાજના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો, શિવશક્તિ સેવા મંડળના ટ્રસ્ટીઓ કો.ઓપ. ટ્રસ્ટીઓ સહિત મહેમાનો સમાજના દાંતાઓ સહિત સમાજમાંથી મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે દાંતાઓનું ફૂલહાર અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેશભાઈ પટેલ તથા વિનુભાઈ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ સમાજના ઉપપ્રમુખ હસમુખભાઈ કે. રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રાવણ માસ નિમિત્તે રામપુરાના વહાણવટી માતાના મંદિરે શાળાના બાળકોને ભોજન કરાવાયું

પ્રાંતિજ,તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રામપુરા સોનાસણ મધ્યે આવેલા આઠસો વરસ પુરાતન ખીજડાવાળા વહાણવટી માતાજીના મંદિરે શ્રાવણ માસના પ્રથમ દિવસે પંથકની અઢાર જેટલી શાળાઓના ભુલકાઓ અને હજારો શ્રદ્ધાળુઓને મહાપ્રસાદ પૂજા-અર્ચનના કાર્યક્રમોનું આયોજન માઈસેવકો ડાહ્યાભાઈ પ્રજાપતિ, મનુભાઈ ઈશ્વરભાઈ નાયી તેમજ કમલેશ પંચાલ, મેહુલ શર્મા, વિનુભાઈ પટેલ, પરિવારો તથા રામપુરાના માઈ સેવકો મારફતે તા. ૩-૮-૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. ઉપરાંત ગુજરાત સરકારના બેટી બચાવો, બેટી પઢાઓના સંદેશા પાઠવવાનું આયોજન જિલ્લા પંચાયતના પ્રમુખ જયેન્દ્રસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં આરોગ્ય વિભાગની ટીમોએ આયોજન કરતા હજારો લોકોએ ભાગ લીધો હતો.

મંદિરના મહંત વિનુ મહારાજ દ્વારા દુર્ગાપૂજા તથા શિવપૂજાનો મહિમા સમજાવતા ભક્તો ભાવવિભોર બન્યા હતા. આ મંદિરના વિશાળ ચોગાનમાં સુવિધાયુક્ત ભવ્ય ધર્મશાળા, સંસ્કાર કેન્દ્ર તેમજ આયુર્વૈદિક ઔષધાલયનું નિર્માણ થનાર હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

## ખેડબ્રહ્મા ખાતે બાળકો માટે ચિલ્ડ્રન કોર્નર શરૂ કરાયો

ખેડબ્રહ્મા, તા.૭

સરકારી તાલુકા પુસ્તકાલય ખેડબ્રહ્મા ખાતે કેન્દ્ર સરકાર હસ્તકના રાજા રામમોહન રાય લાઈબ્રેરી ફાઉન્ડેશન કોલકત્તાની રૂ. ૨,૦૦,૦૦૦ની આર્થિક સહાયથી બાળકો માટે ચિલ્ડ્રન કોર્નર શરૂ કરવામાં આવેલ છે. જેનું ઉદ્‌ઘાટન ૪-૮-૨૦૧૬ના રોજ કૌશિક શાહ, ગ્રંથાલય નિયામક ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા કરવામાં આવેલ હતુ. આ સમયે ડૉ. પંકજ કે. ગોસ્વામી મદદનીશ ગ્રંથાલય નિયામક ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. એન.એસ. રાઠોડ મદદનીશ ગ્રંથપાલ, સુભાષ જે. પટેલ તેમજ ખેડબ્રહ્માના નાગરિકો વાંચકો અને બાળકો હાજર રહ્યા હતા. ચિલ્ડ્રન કોર્નરમાં બાળકોના શૈક્ષણિક, બૌદ્ધિક રમકડા, કોમ્પ્યુટર સેટ, બાળ સાહિત્યના પુસ્તકો અને બાળકોનું ફર્નિચરની ખરીદી કરવામાં આવેલ છે.

## પ્રાંતિજમાં ગટરના ઢાંકણા તુટી જતા નગરપાલિકા તંત્ર સામે પ્રજાનો આક્રોશ

### છેલ્લા ત્રણ મહિનાથી રજુઆત બાદ બે દિવસ પહેલાં જ નાખવામાં આવેલ કુંડીનું ઢાંકણું ૪૮ કલાકમાં જ તુટી ગયું





પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નવાધરા વિસ્તારમાં ગટરની કુંડીનું ઢાંકણું નાખ્યાને ૪૮ કલાકમાં જ ટુટી ગયુ હતુ ત્યારે નગરપાલિકાની કામગીરીને લઈને આ વિસ્તારમાં ચર્ચાઓએ જોર પકડ્યું છે.

પ્રાંતિજ નવાધરા વિસ્તારના રહિશો દ્વારા છેલ્લા ત્રણ એક મહિનાથી ફડીયાની બહાર અને રોડની વચ્ચે આવેલ ગટર લાઈનની કુંડીનું ઢાંકણું ટુટી જવાને લઈને નવાધરા વિસ્તારના રહીશોને પોતાના વાહનો કાઢવા પણ મુશ્કેલ બન્યા હતા અને આ રોડ ઉપર તપોધન ફડી, ભોઈવાસ, પઠાણવાસ, બારકોટ વગેરે જગ્યાના લોકો અહીંથી અવર-જવર કરતા હોય છે અને વારંવાર રજુઆતો બાદ પાલિકા દ્વારા આળસ ખંખેરીને બે દિવસ પહેલા ખુલ્લી ગટર લાઈન ઉપર ઢાંકણું નાખવામાં આવ્યું હતું. ત્યારે આ વિસ્તારના રહીશોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પણ માત્ર ૪૮ કલાકમાં જ કુંડીનું ઢાંકણું ટુટી જતા મોટો ખાડો પડી ગયો છે. ત્યારે હરિઓમ પાર્કમાં પણ કુંડીનું ઢાંકણુ નાખ્યા પછી એક જ દિવસમાં ટુટી ગયું છે ત્યારે પ્રાંતિજ પાલિકાની કામગીરીનો ઉત્તમ નમૂનો જોવા મળી રહ્યો છે.

## ડભોડાની સીમમાંથી ૪૦ હજારની ડ્રીપ પાઈપ ચોરાઈ

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના ડોભાડા ગામે રહેતા વિનોદભાઈ કરમશીભાઈ પટેલના ખેતરમાંથી શુક્રવારે અજાણ્યા શખ્સો રૂા.૪૦ હજારની ડ્રીપ ઈરીગેશનની પાઈપો ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે વિનોદભાઈને ખબર પડતા તેમણે શનિવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

### સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિવૃત્તિને કારણે આવી રહેલા ખાલીપાને પામી તેમણે તંત્રને લક્ષ્યાંક આધારિત કામગીરીની દિશામાં લયબદ્ધ રીતે લઈ જવાનો પ્રયાસ કર્યો હતો તેમ ચોક્કસ કહી શકાય.

હવે રાજ્યના મુખ્યમંત્રી પદે વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીપદે નીતિન પટેલની વરણી પછી તેમના મંત્રીમંડળમાં જે રીતે યુવા-ચહેરાઓની પસંદગી થઈ છે તેને લઈ રાજકારણના વિશ્લેષકોએ આજે 'યંગ એમ્પાવર્ડ'ની વાત કહી વિચારનું વિસ્તૃતિકરણ કરતાં હવે ગુજરાતમાં આવતા વર્ષે વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ છે ત્યારે આક્રમક રાજનીતિની સાથે સાથે સંતુલિત સમાજ વ્યવસ્થાપન તેમજ વિકાસ દરને પુનઃ બે અંકમાં લઈ જવાનો મોટો પડકાર જે છે તેને પહોંચવાનું છે.

મંત્રીમંડળની રચનામાં જ્ઞાતિ, વિસ્તારની સંતુલિતતાની સાથે સાથે ઘણી બધી બાબતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

એક રાજકીય વિશ્લેષકે કહ્યું કે ''વિજયપથ''ને સફળતાથી કંડારવા યુવા ''નીતિ''ને આગળ કરાઈ છે. રાજ્યમાં નોંધાયેલા મતદારોમાં ૫૫ ટકા યુવા મતદારો છે અને એટલે જ ''યંગ એમ્પાવર્ડ''ના દષ્ટિકોણ સાથે તેઓ આગળ વધી રહ્યા છે તેમને ખુબ ખુબ શુભેચ્છાઓ.. પાઠવતા એક સૌરાષ્ટ્રના અમારા મિત્રએ કહ્યું કે તમે ઝવેરચંદ મેઘાણીની પંક્તિઓ ભુલી ના જતા... ''ઘરમાં ઘોડા થનગને અને આતમ વીઝે પાંખ અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ...'

### વધુ કાર્યભારણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રદીપસિંહને ગૃહ ઉપરાંત જેલ, નશાબંધી આબકારી, નાગરિક સંરક્ષણ, કાયદો અને ન્યાય સહિતના વિભાગો સોંપવામાં આવ્યા છે. જયંતિભાઈ કવાડિયાને પંચાયત અને ગ્રામ વિકાસનો નવો હવાલો સોંપવામાં આવ્યો છે. સહકાર વિભાગનો હવાલો ઈશ્વરભાઈ પટેલને તો વાહન વ્યવહારનો હવાલો વલ્લભ કાકડિયાને અને રાજેન્દ્ર ત્રિવેદીને યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે.

### અંધારૂ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ કેમ તંત્ર દ્વારા વિસરાયો તે પણ વિચારણા માગી લે તેવો મુદ્દો છે. શહેરના હૃદય સમાન આ વિસ્તારમાં જ નહિ પરંતુ શહેરના અન્ય માર્ગો પર પણ જે રીતે ડસ્ટબીનો મુકવામાં આવ્યા છે તેની નિયમિત સફાઈ થતી નથી એટલુ જ નહિ કેટલીક ડસ્ટબીનો તુટી ગઈ છે એટલે તેમાં પણ વરસાદી પાણીનો ભરાવો થયો છે અને તેની હાલત પણ આવી જ જોવા મળી રહી છે. તાજેતરમાં તંત્રએ મચ્છરોના ઉત્પત્તિ સ્થાનોને લઈ સઘન કામગીરી હાથ ધરી છે ત્યારે તેના પોતાના જ દ્વારા મુકવામાં આવેલી આ ડસ્ટબીનોની સફાઈ થાય એટલુ જ જરૂરી નથી પણ આ ડસ્ટબિનોમાં પોરાનાશક કામગીરી તાકીદે કરવામાં આવે તે જરૂરી છે.

### જગ્યાઓ ખાલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભણાવવાની લાયકાત ધરાવતા હતા તેમની પાસેથી વિકલ્પો વધ-ઘટની બદલીના કેમ્પ સાથે તંત્રએ મેળવી લીધા હતા. હવે આ શિક્ષકોને તેમની પસંદગીની સ્કૂલો પારદર્શક રીતે ફાળવવા માટેનો કેમ્પ આજે યોજવામાં આવનાર છે. બી.આર.સી. ભવન ખાતે આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટેની તૈયારીઓ પણ તંત્ર દ્વારા કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

### જીએસટી બિલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ રહી છે. આ બિલને પસાર કરાવવામાં તમામ ૯૦ રાજકીય પક્ષોએ વ્યાપક મંથન કરીને સરકારનો સાથ આપ્યો હતો. મોદીએ પણ વિવિધ મુદ્દાઓ ઉપર વાત કરી હતી.

જીએસટી બીલ સર્વાનુમતે પસાર થવું એ કોઈ સરકાર કે પક્ષનો વિજય નથી, ભારતના લોકતંત્રની પરંપરાનો વિજય છે. રાજનીતિ કરતા રાષ્ટ્રનીતિ હંમેશા ઉંચી હોય છે. અને આજે ભારતે ઐતિહાસિક એકતા બતાવી દુનિયાને ભારતના મજબૂત લોકતંત્રના દર્શન કરાવ્યા છે. પ્રધાનમંત્રીશ્રી મોદીએ સોનીયા ગાંધી, મનમોહનસિંઘ સહિત લોકસભા - રાજ્યસભાના તમામ પક્ષો અને સભ્યોનો આદરપૂર્વક આભાર માન્યો હતો. પહેલી એપ્રિલથી પરોક્ષ કર સુધારા સાથે સંબંધિત બિલ હવે અમલી બને તેવી શક્યતા છે. આનાથી દેશના આર્થિક વિકાસમાં તેજી આવશે. વધુ રોકાણ આવશે. સીઆઈઆઈના ડિરેકટર જનરલ ચંદ્રજીત બેનર્જીએ કહ્યું હતું કે આ બિલ પસાર થઈ ગયા બાદ જીએસટી પહેલી એપ્રિલ ૨૦૧૭થી અમલી બની જશે. તેમણે ઉમેર્યું હતું કે જીએસટીથી જેની જરૂર હતી તે વધુ પારદર્શકતા આવશે અને આવનાર વર્ષોમાં મૂડીરોકાણ વધશે. ૧૯૯૧ બાદથી સૌથી મોટા આર્થિક સુધારા તરીકે જીએસટી બિલને ગણવામાં આવે છે. તે જુદા જુદા રાજ્યોના ટેક્સ અને લોકલ ટેક્સની જગ્યા લેશે.